# ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમીટેડ

**"GSFDC સંસ્થાગત સામાજિક જવાબદારી નિતી"**

**("GSFDC CSR Policy")**

## અનુક્રમણિકા


| અનુ.નં | | વિગત | પાન નં. |
|---|---|---|---|
| ૧ | | પ્રસ્તાવના, ટૂંકુ મથાળુ, વ્યાખ્યાઓ : | ૧ |
| | ૧.૧ | પ્રસ્તાવના : | ૧ |
| | ૧.૨ | ટૂંકુ મથાળુ : | ૧ |
| | ૧.૩ | વ્યાખ્યાઓ : | ૧-૨ |
| ૨ | | સંસ્થાગત સામાજિક જવાબદારી (CSR) પ્રવૃત્તિઓ | ૨ |
| ૩ | | સામાજિક જવાબદારી ખર્ચ : | ૨ |
| ૪ | | અમલીકરણ : | ૨-૩ |
| ૫ | | દેખ-રેખ : | ૪ |
| ૬ | | પ્રગટીકરણ, અહેવાલ વગેરે : | ૪ |
| ૭ | | એનેક્ષર | ૫ |

## ૧. પ્રસ્તાવના, ટૂંકુ મથાળુ, વ્યાખ્યાઓ :

### ૧.૧ : પ્રસ્તાવના :-

ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડ એ ગુજરાત સરકારશ્રીનું એક જાહેર સાહસ છે. જેની સ્થાપના કંપની ધારા, ૧૯૫૬ હેઠળ તા.૨૦-૮-૧૯૭૬નાં રોજ એક સરકારી કંપની તરીકે થયેલ છે. નિગમનાં ઉદ્દેશોમાં મુખ્યત્વે ગુજરાત રાજયમાંથી પ્રાપ્ત થતી ગૌણ વન પેદાશોનો સઘન ઉપયોગ તથા વિકાસ કરવા અર્થે કાર્યો કરવાનો છે. નિગમ કંપની ધારા હેઠળ નોંધાયેલ સરકારી કંપની હોઈ, કંપની ધારાની જોગવાઈઓ તથા નિયમોનું નિગમ પાલન કરતું આવ્યું છે. ભારત સરકાર ધ્વારા બહાર પાડવામાં આવેલ નવીન કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૩૫ તથા કંપનીઝ (સંસ્થાગત સામાજિક જવાબદારી) નિયમો, ૨૦૧૪ તથા કંપની ધારા, ૨૦૧૩ની અનુસૂચિ-૭ને વંચાણે લેતાં નિગમના નિયામક મંડળ ધ્વારા એક “સંસ્થાગત સામાજિક જવાબદારી (CSR) સમિતિ” ની રચના કરવામાં આવેલ છે. નિગમની CSR સમિતિ ધ્વારા આ સાથે દર્શાવેલ ફકરાઓમાં જણાવેલી નિતી અનુસારનાં સામાજિક કાર્યો તથા આવા સામાજિક કાર્યો માટે રકમ ખર્ચ કરવાની રહેશે.

### ૧.૨ : ટૂંકુ મથાળુ :-

આ નિતીને “GSFDC સંસ્થાગત સામાજિક જવાબદારી નિતી” કે “GSFDC CSR Policy” કહેવામાં આવશે, જેમાં વખતો-વખત કરાયેલ સુધારાઓ તથા વધારાઓનો સમાવેશ કરવામાં આવશે.

### ૧.3 : વ્યાખ્યાઓઃ-

આ નિતીમાં વર્ણવેલ શબ્દોનો અન્ય રીતે દર્શાવેલ ન હોય ત્યાં નીચે મુજબ અર્થ સમજવાનો રહેશે :

(અ) “કંપની ધારો” એટલે કંપની ધારો, ૨૦૧૩ તથા તેમાં વખતો-વખત કરાયેલ સુધારાઓનો સમાવેશ થાય છે.

(બ) “સંસ્થાગત સામાજિક જવાબદારી” એટલે કંપની ધારાની અનુસૂચિ-૭ હેઠળ દર્શાવેલ (૧) થી (૧૦) પ્રકારની પ્રવૃત્તિઓ કરવાની જવાબદારી તથા અનુસૂચિ-૭માં વખતો-વખત કરવામાં આવતાં સુધારા-વધારાઓનો સમાવેશ થાય છે.

(ક) “સંસ્થાગત સામાજિક જવાબદારી (CSR) સમિતિ” એટલે નિગમના નિયામક મંડળ ધ્વારા કંપની ધારાની જોગવાઈઓ હેઠળ રચવામાં આવેલ નિયામકોની સમિતિ તથા મંડળ ધ્વારા વખતો-વખત પુનઃરચવામાં આવેલ સમિતિ.

(ડ) “ચોખ્ખો નફો” એટલે કંપની ધારાની કલમ ૧૯૮ તથા અન્ય લાગુ પડતી જોગવાઈઓ મુજબ ગણતરી કરવામાં આવેલ જે-તે નાણાંકીય વર્ષ માટેનો નિગમનો નફો.

(ઈ) “ વહીવટી નિયામક” એટલે નિગમનાં વહીવટી નિયામક.

## ૨. સંસ્થાગત સામાજિક જવાબદારી (CSR) પ્રવૃત્તિઓ

નિગમ CSR સમિતિ ધ્વારા કંપની ધારાની અનુસૂચિ-૭માં દર્શાવેલ પ્રવૃત્તિઓ પૈકી નીચે મુજબની સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે.

(અ) શિક્ષણને લગતી પોત્સાહિત પ્રવૃત્તિઓ, ખાસ કરીને બાળકો, મહિલાઓ, પાકટ વયના લોકો તથા દિવ્યાંગોમાં વ્યવસાયિક કુશળતા તથા રોજગારીની તકો વધે તેવાં શિક્ષણ તથા રોજગાર વૃધ્ધિની યોજનાઓઃ

(બ) લિંગભેદ દૂર કરતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવું, મહિલા સશકિતકરણની પ્રવૃત્તિઓ કરવી તથા મહિલાઓ, અનાથો, બાળકો, વૃધ્ધો માટે ગૃહો/છાત્રાલયો સ્થાપવા તથા વડીલ નાગરિકો માટે અન્ય સુવિધાઓ પૂરી પાડવી તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જુથો ધ્વારા વેઠવાની થતી અસમાનતાઓ દૂર કરવાની પ્રવૃત્તિઓઃ

(ક) પર્યાવરણનું સાતત્ય જળવાય તેવી પ્રવૃત્તિઓ, પર્યાવરણીય સંતુલન, વનસ્પતિ તથા જીવસૃષ્ટીનું રક્ષણ, પશુ કલ્યાણ, કૃષિવાનિકી, કુદરતી સ્ત્રોતોનું સંરક્ષણ તથા માટી, હવા અને પાણીની ગુણવત્તા જાળવવાની પ્રવૃત્તિઓઃ

આ ઉપરાંત સમિતિ ધ્વારા જરૂર જણાયેથી ઉપરોકત પ્રવૃત્તિઓમાં કંપની ધારાની અનુસૂચિ-૭ માં દર્શાવેલ કોઈ પણ પ્રવૃત્તિઓનો ઉમેરો કરી શકાશે.

## ૩. સામાજિક જવાબદારી ખર્ચ :

CSR સમિતિ ધ્વારા કંપની ધારાની જોગવાઈઓ અનુસાર જે-તે નાણાંકીય વર્ષનો ચોખ્ખો નફો રૂા.૫ કરોડની ઉપરાંતનો હોય તેવાં કિસ્સામાં, પાછલાં ત્રણ નાણાંકીય વર્ષના સરેરાશ ચોખ્ખા નફાનાં ૨% જેટલી રકમ સામાજિક જવાબદારી ખર્ચ તરીકે ફાળવી, નિયામક મંડળને ભલામણ કરી તેની મંજૂરી મેળવી, મુદ્દા ક્રમાંક : ૨ હેઠળ દર્શાવેલ પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ કરવાની રહેશે.

ઉપર મુજબ ફાળવવામાં આવેલ રકમ એક જુદા બેંક ખાતામાં જમા કરાવી તેમાંથી ખર્ચ કરી શકાશે, જેથી તેનો યોગ્ય હિસાબ રાખી શકાય.

## ૪. અમલીકરણ :

નિગમની સંસ્થાગત સામાજિક જવાબદારી નિભાવવા અંગેની મુખ્ય જવાબદારી તથા સત્તાઓ CSR સમિતિની રહેશે. આ જવાબદારી નિભાવવા અંગે કરવાની થતી પ્રવૃત્તિઓ કે યોજનામાં

દૈનિક અમલીકરણ માટે તેઓ નિગમનાં વહીવટી નિયામકશ્રીની નિયુકિત કરી શકશે. આ ઉપરાંત સમિતિ ધ્વારા આવી પ્રવૃત્તિઓ કરવા માટે બિન સરકારી સંસ્થાઓ (NGO), સ્થાનિક સત્તા મંડળ અન્ય બિન-વ્યાપારી સંસ્થાઓ વગેરેનો સહયોગ મેળવી શકાશે.

નિગમ ધ્વારા સામાજિક જવાબદારી ખર્ચની રકમનો ઉપયોગ સંપૂર્ણ ગુજરાત રાજ્યમાં કરવામાં આવશે પરંતુ નિગમની વડી કચેરી ઉપરાંત વિવિધ ક્ષેત્રિય કચેરીઓ, કારખાનાં, દુકાનો વગેરે જે-તે જિલ્લામાં સ્થાપિત છે તથા વખતો-વખત કાર્યરત છે તેવા કાર્યવિસ્તારને પ્રાધાન્ય આપવામાં આવશે. નિગમના કાર્યવિસ્તારમાં નીચે મુજબનાં જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવશે;

(૧) વડોદરા
(૨) અમદાવાદ
(૩) ગાંધીનગર
(૪) સાબરકાંઠા
(૫) બનાસકાંઠા
(૬) ગોધરા (પંચમહાલ)
(૭) મહીસાગર
(૮) દાહોદ
(૯) છોટાઉદેપુર
(૧૦) નર્મદા
(૧૧) નવસારી
(૧૨) કચ્છ
(૧૩) જુનાગઢ
(૧૪) જામનગર
(૧૫) રાજકોટ

આ નિતીનાં મુદ્દા ક્રમાંક ૧.૩(ક) હેઠળ દર્શાવેલ નિગમની CSR સમિતિનું ગઠન નિયામક મંડળ દ્વરા તેની ૧૮૮ મી બેઠકનાં મુદ્દા ક્રમાંક : ૧૮૮.૫ તા.૪-૬-૨૦૧૬થી કરવામાં આવેલ છે જેનાં હાલનાં સભ્યો નીચે મુજબ છે.

| અ.નં | નિયામકશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી કુબેરભાઇ ડીંડોર્ | અધ્યક્ષ |
| ૨ | શ્રી શંકરભાઇ રાઠવા | સભ્ય |
| ૩ | શ્રીમતિ જ્યોતિબેન પટેલ | સભ્ય |
| ૪ | શ્રીમતિ ભારતીબેન બાગુલ્ | સભ્ય |

## ૫. દેખ-રેખ :

નિગમ ધ્વારા હાથ ધરવામાં આવનાર સંસ્થાગત સામાજિક જવાબદારી હેઠળની પ્રવૃત્તિઓ/યોજનાઓ ઉપર દેખ-રેખ રાખવાની જવાબદારી નિગમની CSR સમિતિની રહેશે. નિગમની CSR સમિતિ ધ્વારા ખાતરી કરવાની રહેશે કે કંપની ધારાની જોગવાઈઓને આધિન સામાજિક જવાબદારીની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહેલ છે તથા વખતો-વખત નિયામક મંડળને અહેવાલ કરવાનો રહેશે.

## ૬. પ્રગટીકરણ, અહેવાલ વગેરે :-

નિગમની CSR સમિતિ ધ્વારા CSR નિતી ઘઢી, નિગમનાં નિયામક મંડળને ભલામણ કરી, મંડળ પાસેથી મંજૂર કરાવવાની રહેશે. નિયામક મંડળ ધ્વારા CSR નિતી મંજૂર કરાયેથી તેને નિગમની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરવાની રહેશે.

વધુમાં નિગમ ધ્વારા તેનાં નિયામકોનાં અહેવાલમાં આ સાથે સામેલ "ANNEXURE" માં દર્શાવેલ CSR પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ સામેલ કરવાનો રહેશે તથા નિગમની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરવાનો રહેશે.

**ANNEXURE**

## FORMAT FOR THE ANNUAL REPORT ON CSR ACTIVITIES TO BE INCLUDED IN THE BOARD'S REPORT

1. A brief outline of the company's CSR policy, including overview of projects or programs proposed to be undertaken and a reference to the web-link to the CSR policy and projects or programs.
2. The Composition of the CSR Committee.
3. Average net profit of the company for last three financial years
4. Prescribed CSR Expenditure (two per cent. of the amount as in item 3 above)
5. Details of CSR spent during the financial year.
   (a) Total amount to be spent for the financial year;
   (b) Amount unspent , if any;
   (c) Manner in which the amount spent during the financial year is detailed below.

| (1) | (2) | (3) | (4) | (5) | (6) | (7) | (8) |
|---|---|---|---|---|---|---|---|
| S.No | CSR project or activity identified. | Sector in which the Project is covered. | Projects or programs (1) Local area or other (2) Specify the State and district where projects or programs was undertaken. | Amount outlay (budget) project or programs wise | Amount spent on the projects or programs **Sub-heads:** (1) Direct expenditure on projects or programs. (2) Overheads: | Cumulative expenditure upto to the reporting period. | Amount spent: Direct or through implementing agency |
| 1 | | | | | | | |
| 2 | | | | | | | |
| 3 | | | | | | | |
| | **TOTAL** | | | | | | |

*Give details of implementing agency:

6. In case the company has failed to spend the two per cent of the average net profit of the last three financial years or any part thereof, the company shall provide the reasons for not spending the amount in its Board report.
7. A responsibility statement of the CSR Committee that the implementation and monitoring of CSR Policy, is in compliance with CSR objectives and Policy of the company.

| Sd/- | Sd/- | Sd/- |
|---|---|---|
| (Chief Executive Officer or Managing Director or Director) | (Chairman CSR Committee) | [Person specified under clause (d) of sub-section (1) of section 380 of the Act] N.A. (wherever applicable) |